# અંકલેશ્વરનો ઔદ્યોગિક વિકાસ કડક પર્યાવરણીય નીતિમાં અટવાયો

**અંકલેશ્વરના** ઉદ્યોગો નથી વિસ્તરી શક્યા નથી, નથી પ્રોડક્ટ ચેન્જ કરી શક્યા!

અંકલેશ્વર: ગુજરાતના ઔદ્યોગિક નકશામાં અંકલેશ્વર, વાપી, નંદેસરી અને વટવા જેવી રાસાયણિક વસાહતોએ રાજ્યને દેશના ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર બનાવ્યું છે.

પરંતુ આજે આ જ વસાહતો કડક અને જટિલ પર્યાવરણીય નીતિઓના કારણે ગંભીર પડકારોનો સામનો કરી રહી છે. ઔદ્યોગિકરણ એ માત્ર કારખાનાં ઊભા કરવાની પ્રક્રિયા નથી, પરંતુ તે સમાજના આર્થિક, સામાજિક અને જીવનધોરણમાં પરિવર્તન લાવતી શક્તિ છે, તેવી માન્યતા ધરાવતા ઉદ્યોગકારો હવે અટવાયેલા વિકાસથી હતાશ છે.

લગભગ ચાર દાયકા પહેલા જ્યારે ગુજરાત ઔદ્યોગિક વિકાસના પ્રારંભિક તબક્કામાં હતું, ત્યારે સરકારે GIDC મારફતે નાના અને મધ્યમ ઉદ્યોગોને 700, 1200 અને 1800 ચોરસ મીટરના પ્લોટ ફાળવ્યા હતા. તે સમયે પર્યાવરણીય નિયમો મર્યાદિત હતા અને ઉદ્યોગોએ ઝડપથી પ્રગતિ કરી. પરંતુ વર્ષ-1995 પછી પર્યાવરણ સંરક્ષણ અને ઔદ્યોગિક સલામતીના કાયદા કડક બનતા ગયા. પરિણામે જૂના નાના પ્લોટ આધુનિક ઉત્પાદન અને પર્યાવરણ ધોરણો માટે અપર્યાપ્ત સાબિત થયા હતા. વધુમાં, અંકલેશ્વર અને વાપીને 'ક્રિટિકલ પોલ્યુટેડ ઝોન' જાહેર કરાતાં વિસ્તરણની પ્રક્રિયા લગભગ ઠપ થઈ ગઈ હતી.

વોટર એક્ટની કલમ 18(1)(B) હેઠળ લાંબા સમય સુધી ઉદ્યોગોના વિસ્તરણ પર પ્રતિબંધ મુકાયો, જેના કારણે અનેક એકમો વિકાસની દોડમાં પાછળ પડી ગયા છે. ઉદ્યોગજગતનો સવાલ છે કે, કોઈપણ ઉદ્યોગ દસ વર્ષ સુધી ઉત્પાદન ક્ષમતામાં વધારો કર્યા વિના સ્પર્ધામાં ટકી શકે? બે દાયકાથી વધુ સમયથી અંકલેશ્વરના ઉદ્યોગો ન તો ઉત્પાદન બદલી શકે છે, ન તો વિસ્તરણ કરી શકે છે. પ્રોડક્ટ ચેન્જ માટેની મંજૂરી પ્રક્રિયા પણ અત્યંત જટિલ બની છે, જ્યારે ઉદ્યોગકારો માને છે કે ટેક્નોલોજી બદલાતી દુનિયામાં પ્રોડક્ટ ડાયવર્સિફિકેશન વિના વિકાસ શક્ય નથી.

વર્ષ-2010માં અંકલેશ્વર ક્રિટિકલ પોલ્યુટેડ ઝોનમાં આવતાં સ્થાનિક ઉદ્યોગોએ પર્યાવરણ સુધારણા માટે અંદાજે રૂ.350 કરોડથી વધુ ખર્ચ કરીને કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP) સહિતની માળખાકીય સુવિધાઓ ઊભી કરી. જો કે, CETPના સતત અપગ્રેડેશન મુદ્દે સરકાર તરફથી પૂરતું ધ્યાન ન આપાતાં ઉદ્યોગોમાં અસંતોષ છે. નિષ્ણાતો માને છે કે, આવી કોમન સુવિધાઓનો ખર્ચ સરકાર વહન કરે તો ઉત્પાદન વધારાથી મળતી આવક અને રોયલ્ટી દ્વારા ભરપાઈ શક્ય બને, સાથે પર્યાવરણ સંરક્ષણ પણ વધુ અસરકારક બને. ઉદ્યોગકારોનું સૂચન છે કે જો કોઈ ઉદ્યોગપતિ દહેજ કે ઝઘડિયા જેવી વસાહતમાં સમાન પ્રોડક્ટ માટે નવું એકમ સ્થાપવા માંગે તો મંજૂરી ઝડપી મળવી જોઈએ. નીતિઓનું સમયાંતરે પુનઃ મૂલ્યાંકન કરીને 'રેગ્યુલેશન સાથે વિકાસ'નો અભિગમ અપનાવવાની માંગ ઊઠી છે. ઉદ્યોગોને પરવાનગીની જટિલતામાંથી રાહત મળવી જોઈએ.



# ગોવાલીમાં ટ્રકની ટક્કરથી એકનું મોત, ચાલક ફરાર

**સ્થાનિકોમાં** રોષ, સ્પીડ બ્રેકરની માંગ

ભરૂચ: ઝઘડિયાના ગોવાલી ગામના બસ સ્ટેન્ડ પાસે એક ગમખ્વાર અકસ્માતમાં રાહદારીનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. પૂરઝડપે આવતી હાઈવા ટ્રકે એક રાહદારીને જોરદાર ટક્કર મારતાં રાહદારી ટ્રકના તોતિંગ ટાયર નીચે કચડાઈ ગયો હતો. બાદ ટ્રક ચાલક પોતાનું વાહન રસ્તા પર મૂકીને પલાયન થઈ ગયો હતો. પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે અને ફરાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે. આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં તંત્ર સામે ભારે રોષ વ્યાપી ગયો છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે આ માર્ગ પર સ્પીડ બ્રેકર ન હોવાથી ભારે વાહનો બેફામ ગતિએ દોડે છે, જેના કારણે અવારનવાર અકસ્માતો સર્જાય છે. ગ્રામજનોએ જણાવ્યું હતું કે અગાઉ પણ અનેક લોકોએ આ વિસ્તારમાં જીવ ગુમાવ્યા છે, છતાં તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ જણાય છે. પોલીસે ફરાર ચાલકને પકડવા તપાસ ઝડપી કરી છે અને સ્થાનિકોની માંગને પગલે સ્પીડ બ્રેકર નાંખવા બાબતે સંબંધિત વિભાગને રજૂઆત કરવામાં આવશે તેમ જણાવ્યું છે. ઘટના અંગેનો વધુ તપાસ ચાલુ છે.

# સાંકરી ગામમાં લગ્નપ્રસંગની અદાવતમાં બે જૂથ બાખડ્યાં

**ઇજાગ્રસ્તોને** સારવાર માટે બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં ખસેડાયા, સામસામી પોલીસ ફરિયાદ નોંધાઈ

બારડોલી: બારડોલીના સાંકરી ગામના તળાવ ફળિયામાં લગ્નપ્રસંગ દરમિયાન થયેલી સામાન્ય બોલાચાલીએ બીજા દિવસે હિંસક સ્વરૂપ ધારણ કરતાં બે પક્ષ વચ્ચે છૂટા હાથની મારામારી થઈ હતી. આ ઘટનામાં બંને પક્ષના સભ્યોને ગંભીર ઈજા પહોંચતાં બારડોલી રૂરલ પોલીસ મથકે સામસામી ફરિયાદો દાખલ કરવામાં આવી છે. પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ગત તા.9 મે-2026ના રોજ ફળિયામાં સાહીલભાઈ હળપતિના લગ્નનો પ્રસંગ હતો. આ પ્રસંગ દરમિયાન રાત્રિના સમયે નાચવા જેવી બાબતે યુવાનો વચ્ચે બોલાચાલી અને ઝઘડો થયો હતો. જો કે, તે સમયે અન્ય લોકોએ વચ્ચે પડીને મામલો થાળે પાડ્યો હતો. પરંતુ આ ઝઘડાની અદાવત રાખીને બીજા દિવસે એટલે કે તા.10 મે-2026ના રોજ બપોરના સમયે ફરીથી વિવાદ વકર્યો હતો. પ્રથમ પક્ષના ફરિયાદી યોગેશભાઈ ભાણાભાઈ હળપતિએ આક્ષેપ કર્યો છે કે તેઓ જ્યારે પોતાના ઘરે આરામ કરી રહ્યા હતા ત્યારે રાજુભાઈ નાનુભાઈ હળપતિ, તેમના પત્ની કંચનબેન, પુત્ર કિશન અને પુત્રવધૂ વૈશાલીબેન હાથમાં લાકડીઓ લઈને તેમના આંગણામાં ધસી આવ્યાં હતાં. આ જૂથે ગાળાગાળી કરી યોગેશભાઈને નીચે પાડી દઈ ઢીકમુક્કીનો માર માર્યો હતો અને લાકડાના સપાટા માર્યા હતા.

આ હુમલામાં યોગેશભાઈના ડાબા હાથની ટચલી આંગળીમાં ફ્રેક્ચર થયું હતું અને તેમના પત્ની મંજુબેન તથા પુત્ર પરેશને પણ શરીરે ઈજાઓ પહોંચી હતી. સામા પક્ષે રાજુભાઈ નાનુભાઈ હળપતિએ પણ વળતી ફરિયાદ નોંધાવી છે. તેમના જણાવ્યા અનુસાર સામે પક્ષના મંજુબેન અગાઉની અદાવતમાં ગાળો બોલતા હોવાથી જ્યારે તેઓ પૂછવા ગયા ત્યારે યોગેશભાઈ ભાણાભાઈ રાઠોડ અને તેમના પુત્ર પરેશભાઈએ ઉશ્કેરાઈને હુમલો કર્યો હતો.

રાજુભાઈનો આક્ષેપ છે કે પરેશભાઈએ લોખંડની પારેય વડે હુમલો કરતાં તેમને ડાબા હાથની આંગળીમાં ફ્રેક્ચર થયું હતું અને તેમના પુત્ર કિશનને મોંના ભાગે ગંભીર ઈજા થઈ હતી. બંને પક્ષોએ એકબીજા પર જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાનો પણ આક્ષેપ કર્યો છે. ગામના સરપંચ પિંટુભાઈ હરીશભાઈ અને બકુલભાઈએ વચ્ચે પડીને વધુ મારમારી અટકાવી હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. હાલમાં હેડ કોન્સ્ટેબલ પરેશભાઈ રામુભાઈ ચૌધરી આ સમગ્ર મામલે તપાસ ચલાવી રહ્યા છે.

## મકતમપુરમાં યુવાન પર ચપ્પુ વડે હુમલો

ભરૂચ: ભરૂચના મકતમપુર ગામ આવેલી દરગાહ ફળિયામાં રાત્રિના સમયે એક આંચકાજનક ઘટના બની હતી. અજાણ્યા શખ્સોએ સ્થાનિક યુવાન મોસીન શેખ પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં મોસીન શેખ ઘાયલ થતાં તેને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ઘટનાનાં CCTV ફૂટેજ સામે આવ્યાં છે, જેમાં કેટલાક શખ્સો હુમલો કરતા સ્પષ્ટ જોવા મળે છે. જો કે, હુમલાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ઈજાગ્રસ્ત મોસીન શેખે આ મામલે ભરૂચ શહેરના સી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી દીધી છે. CCTV ફૂટેજના આધારે હુમલાખોરોની ઓળખ મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. વધુ તપાસ ચાલુ છે.

## અંકલેશ્વરમાં ગૌમાંસ હેરાફેરીનાં વાહનોની હરાજી

અંકલેશ્વર: અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે ગૌ માંસની હેરાફેરીના કેસમાં પશુ ક્રૂરતા અધિનિયમ તેમજ પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. દરોડા દરમિયાન જપ્ત કરાયેલાં વાહનો કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હરાજી માટે મૂકવામાં આવ્યાં હતાં. આ હરાજીનું આયોજન અંકલેશ્વર ડી.વાય.એસ.પી. ડૉ.કુશલ ઓઝાની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ સરકાર દ્વારા ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે કડક પગલાં લેવા માટે સ્પષ્ટ સૂચનાઓ અપાઈ છે, જેના પગલે કેસોની ઝડપી તપાસ અને જપ્ત મિલકતો અંગે વહેલી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## અંકલેશ્વરમાં કાર ચોરી મામલે વધુ એક આરોપીની ધરપકડ

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસીમાં ઓમ બંગ્લોઝમાં રહેતા ધર્મેશ પટેલના પુત્રએ ગત માર્ચમાં કાર પોતાના મકાન આગળ પાર્ક કરી દીધી હતી. દરમિયાન રાત્રે ચોરો અંદાજે રૂ.38 લાખ કિંમતની ફોર્ચ્યુનર કાર ચોરી ગયા હતા. આ બનાવ અંગે જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન અગાઉ એક આરોપીની ધરપકડ કરાઈ હતી. વધુ તપાસ દરમિયાન આ ગુનામાં સંડોવાયેલા નવસારીના કબીલપોર વિસ્તારમાં રહેતા અતુલ પુનિયા માલવીયાને ઝડપી પાડવામાં આવ્યો છે.

## ભરૂચ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનું સ્થળાંતર

ભરૂચ: ભરૂચમાં જૂની કચેરીની જર્જરિત હાલતને કારણે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને નવા સંકુલમાં ખસેડાયું છે. હવેથી આ કચેરી શ્રી સદવિદ્યા મંડળ કોલેજ કેમ્પસ, પહેલો માળ, એક્સિસ બેન્કની ઉપર, જૂનો હાઈવે નં-૮, ભોલાવ, ભરૂચ (પિન: ૩૯૨૦૦૧) ખાતે કાર્યરત રહેશે.



## આયોજન કર્યા વિના આમલાખાડી પરનો જૂનો બ્રિજ તોડી પાડતાં સંકટ

**ચોમાસા** પહેલા જ બ્રિજ તોડી પાડતાં વાહનચાલકોમાં રોષ

ભરૂચ: અંકલેશ્વર-હાંસોટ રોડ પર ફોર લેન બનાવવાના કામ અંતર્ગત ચોમાસા પહેલા જ કોઈ ગણતરી વગર આમલાખાડી પરનો જૂનો બ્રિજ તોડી પાડવામાં આવ્યો છે. હાલમાં આ ખાડી પર નાનાં ભૂંગળાં નાંખીને ડાયવર્ઝન આપવામાં આવ્યું છે.

માત્ર 15થી 20 દિવસમાં ચોમાસાની ઋતુ શરૂ થઈ રહી છે. આ સંજોગોમાં જો કુદરતી વરસાદી પાણીનો મારો વધશે તો ડાયવર્ઝન ઉપરથી પાણી બેફામ ઉપર આવવું કે વહી જવાની સંપૂર્ણ શક્યતા છે. પરિણામે, બંને બાજુએથી વાહનોનો કટઅપ થવાની સ્થિતિ ઊભી થઈ શકે છે, જેને લઈને વાહનચાલકોમાં ભયનો માહોલ છે.

સ્થાનિક વાહનચાલકોનું કહેવું છે કે, તંત્ર દ્વારા ચોમાસામાં આ રોડ બંને બાજુથી બંધ કરવાની પરિસ્થિતિ ઊભી કરવામાં આવી રહી છે. નવા બ્રિજ માટે હજુ સુધી કોઈ કામગીરી શરૂ થઈ નથી. જ્યારે અસ્થાયી ડાયવર્ઝન તદ્દન નબળું અને જોખમી છે. વાહનચાલકોએ રાજ્ય સરકારના મંત્રી ઈશ્વરસિંહ પટેલ અને જિલ્લા કલેક્ટરને આ મામલે રજૂઆત કરવાનો નિર્ણય કર્યો છે. નોંધનીય છે કે અખબારી અહેવાલો દ્વારા એપ્રિલ મહિનામાં જ ચેતવણી આપવામાં આવી હતી કે જો સમયસર નવો બ્રિજ નહીં બને તો ડાયવર્ઝન ધોવાઈ જવાની ભીતિ છે. જો કે, તંત્ર દ્વારા આ ચેતવણીને ગંભીરતાથી લેવામાં આવી ન હતી અને હવે પરિસ્થિતિ વિકટ બનતી હોવાની શક્યતા દેખાઈ રહી છે.

## કોસંબાની નવસર્જન અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ શાળાની સિદ્ધિ

હથોડા: કોસંબા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ, કોસંબા તથા નવસર્જન માધ્યમિક શાળા, કોસંબાએ ધોરણ-૧૦ એસ.એસ.સી. બોર્ડ પરીક્ષા વર્ષ ૨૦૨૫-૨૬માં ગૌરવપૂર્ણ અને શાનદાર ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કર્યું છે. જય યોગેશકુમાર પ્રજાપતિએ ૯૩.૩૩% , દિયા ડેમલકુમાર ગોહિલે ૯૨.૮૩% , પારિજાત અમિત યાદવે ૯૧.૦૫% , પૂજા રમેશ યાદવે ૯૦.૩૩%, આર્યા ફાણસિયાએ ૮૯.૩૩% પ્રાપ્ત કર્યા છે. તેમજ નવસર્જન ગુજરાતી માધ્યમ શાળાના વિદ્યાર્થીઓએ પણ શ્રેષ્ઠ પરિણામ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. જેમાં દ્રષ્ટિકુમારી હિતેશભાઈ પટેલે ૮૬.૦૦% , નિત્યાકુમારી પરમારે ૭૯.૬૬% , નિધિ સોલંકીએ ૭૫.૮૩%, માહેનૂર શાહે ૭૫.૧૬%, સ્મિત પટેલે ૭૪.૧૬% પ્રાપ્ત કર્યા છે. આ અવસરે ટ્રસ્ટી મંડળ દ્વારા જણાવાયું હતું કે શાળાનો મુખ્ય હેતુ માત્ર શૈક્ષણિક સફળતા પૂરતો સીમિત નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં સંસ્કાર, શિસ્ત અને સર્વાંગી વિકાસનું નિર્માણ કરવાનું છે. શાળા દર વર્ષે ઉત્તમ પરિણામો પ્રાપ્ત કરી રહી છે. આ ગૌરવસભર પરિણામ બદલ ટ્રસ્ટી મંડળ, આચાર્ય, શિક્ષકગણ અને સ્ટાફ દ્વારા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.


